## નમસ્કાર ગાંધીનગર

### પમરાટ

સૌથી મોટું એમણે બલિદાન આપ્યું.
જન્મ ખુદ આપી પિતાનું નામ આપ્યું !

- પ્રશાંત સોમાણી

### પાથેય

- રમેશ ઠક્કર

જગતમાં સ્ત્રી પુરૂષ સમાનતાની વાતો ચાલતી જ રહે છે.બંને આમ જોઈએ તો એકમેક વગર અધુરાં છે. બંનેનું સાયુજય જ પ્રકૃતિનું સંપૂર્ણ ચિત્ર ઉપસાવે.બાહુબળમાં પુરૂષ કદાચ ચડિયાતો છે પરંતુ નારી પણ ફકત નાજુક નથી હોતી.કોમળ હોવાની સાથે એ કયારેક કઠોર પણ થઈ શકે છે..આપણો સમાજ ભલે તમામ રીતે બદલાયો હોય નવી શોધો નવા વિચારો નવી ટેકનોલોજી એમ દરેક ક્ષેત્રમાં આમૂલ પરિવર્તન થયાં છે પરંતુ આજેપણ આપણે સહુ પુરૂષપ્રધાન માનસિકતામાંથી બહાર આવ્યા નથી..કોઈપણ મહિલાની પ્રગતિની નિશાની શું ? એના માટે આપણે શબ્દ આપ્યો છે પુરૂષ સમોવડી !

જાણે અજાણે આપણે કોઈ મહિલાના પ્રદાનને એટલી ખેલદિલીથી સ્વીકાર આપતા નથી.જન્મથી લઈ જિંદગીના છેલ્લા શ્વાસ સુધી ઘર અને કુટુંબ માટે મરી ફીટતી કોઈ ગૃહિણી કે કોઈ સન્નારી અને એના કામની કદર આપણે ભાગ્યે જ કરતા હોઈએ છીએ.નારીમાં સ્વાર્પણનો એક સહજ ગુણ રહેલો હોય છે.એ કોઈપણ પ્રલોભન કે કોઈપણ સુખ પોતાના પરિવાર માટે ક્ષણભરમાં ત્યાગ કરી શકે છે.એની સરખામણીમાં પુરૂષો હંમેશાં માલિકીભાવથી વર્તન કરતા રહે છે..સંતાન માટે પ્રસૂતિની પીડાદાયક લાંબી યાતનાઓ પછી જે સંતાન જન્મે છે એ એના પિતાના નામથી ઓળખાય છે ! આમછતાં આજદિવસ કોઈ સ્ત્રીએ કોઈપણ આ બાબતે કોઈ હક્ક માગ્યો નથી ! આ છે એના ત્યાગની ઉચ્ચ અભિવ્યક્તિ. આપણે કોઈપણ બાબતને નફાતોટાના એકમાત્ર માપદંડ થકી તોલતા રહીએ છીએ.આજે તો જમાનો ઘણો બદલાયો છે..મહિલાઓ પણ પુરુષો સાથે ખભેખભા મિલાવી નોકરી અને વ્યવસાયોમાં પ્રદાન કરી પરિવાર માટે આર્થિક ઉપાર્જન કરી થઈ છે..આમપણ ઘરનું અર્થતંત્ર ભલે પુરૂષની કમાણી ઉપર નિર્ભર હોય પરંતુ એનું આયોજન તો ગૃહિણી થકી જ થતું હોય છે..જો એની ત્રેવડ ના હોય તો ગમે તેટલી કમાણી થતી હોય ઘર બે પાંદડે થતું નથી..એટલે જ એવી કુશળ નારીને આપણે ગૃહલક્ષ્મી કહીએ છીએ.

'સરસ્વતીચંદ્ર' નવલકથામાં ગુણસુંદરીનો ઘરસંસાર બહુ અદ્ભુત રીતે નિરૂપાયો છે.ઉચ્ચ હોદ્દો ધરાવતો પતિ કે રાજના કારોબારમાં જેની કાબેલિયત બેનમૂન ગણાતી હોય એવા સફળ પુરૂષની પાછળ જો કાર્યદક્ષ ગૃહિણી ના હોય તો એની સફળતા અધુરી ગણાય છે.પરિવારના નાનામોટા ઝઘડા કે મતભેદોનું નિવારણ કરતી નારી એને મોટી મુસીબતોમાંથી ઉગારી લે છે..એનાં મોટાભાગનાં કામો એવાં હોય છે જેને નાણાકીય મૂલ્યમાં ના આંકી શકાય..વાસ્તવિક રીતે જોઈએ તો આવી નાની નાની નજાકત એ જ પરિવારની પ્રગતિની આધાર હોય છે. આજે તો જમાનો જોસભેર આગળ વધતો હોય એવું લાગે છે.પોશાક દેખાવ કે બાહય રીતભાત થકી મહિલાઓ જાણે ખૂબ આગળ વધી ગઈ હોય એવું લાગે છે..મહિલાના સશકિતકરણ માટે સ્વામી વિવેકાનંદે છેક એ જમાનામાં એક સ્વપ્ન જોયું હતું.એમની એ પરિકલ્પના બાહય રીતે ભલે આજે સાકર થતી જણાતી હોય હકિકતમાં આજેપણ તમામ જગ્યાએ એનો સ્વીકાર એટલો સહજ નથી હોતો જેટલો એક પુરૂષ માટે હોય છે.આપણી ભીતર જે બદલાવ આવવો જોઈએ એ મહત્વનો છે..નારી તું નારાયણી કે જનનીની જોડ કદી ના જડે એવા આદર્શો આપણે શબ્દોમાં વ્યક્ત કરતા રહીએ છીએ..પણ એક આધુનિક મહિલાને મનથી સમાન ધોરણે સન્માન આપવાની બાબત આજે પણ.

# જો કે હજી ખતરો ટળ્યો નથી

'મોઢે ગરણાં દેવા' એ આપણી ભાષાની અર્થસભર અભિવ્યક્તિ છે. બુકારની બાંધવી એ ડાકુઓ માટે ઓળખ છુપાવવાની રસમ છે. માસ્ક એ મેડિકલ શબ્દ છે. ઓપરેશન થિયેટરમાં સર્જનથી લઈ આસિસ્ટંટ અને નર્સ કે પટાવાળા સુધી તમામ વ્યક્તિઓ માસ્ક પહેરવો પડે છે. કોરોનાએ આખી દુનિયાને એક વિશાળ ઓપરેશન થિયેટરમાં ફેરવી દીધું હતું. 'હતું' જેવું ક્રિયાપદ કોરોનાના પરાજયનું સૂચક છે. આખરે માનવ જાત ગમે તેવી પ્રતિકૂળ પરિસ્થિતિમાં પણ પોતાનો માર્ગ શોધીને જ જંપે છે. કોરોનાએ માનવજાત સાથે ઝનૂનપૂર્વક મારામારી કરી છે. આખરે એ થાક્યું છે. એનો છેલ્લો અવતાર ઓમિક્રોન નપુંસક નીવડ્યો છે. પરંતુ હજુ વિશ્વ આરોગ્ય સંસ્થાના વૈજ્ઞાનિકોની કોરોનાની ધાક અકબંદ છે. તેઓ માને છે કે વધુ ખતરનાર વેરિયંટ આવી શકે છે. જો કે માનવજાતને એના ભવિષ્યના ભય સામે વર્તમાનની બલિ ચડાવી દેવી ગમતી નથી. બ્રિટનના વડાપ્રધાને સંસદમાં જ માસ મુક્તિ જાહેર કરી દીધી હતી અને કેનેડાના વડાપ્રધાનને ટ્રકોવાળાના ઠુમકાને કારણે મહેલ છોડીને ભાગવું પડ્યું હતું. ટ્રકોવાળાથી લઈ વડાપ્રધાન સ્તરના મહાનુભાવોને મોઢું સંતાડવું ગમતું નથી. માનુનીઓને તો હરગિજ ના જ ગમે. પરંતુ એ પણ સાચું કે મોઢું નહીં સંતાડનારાઓને અને રસી નહીં લેનારાઓને કોરોના વાઈરસની જીવલેણ લપડાકો ખમવી પડી છે. પહેલી બે લહેરની સરખામણીએ ત્રીજી લહેર નબળી હોવા છતાં કોંગ્રેસી નેતા (જો કે પહેલી વાર તેઓ ભાજપના નિશાન પર ઉપેન્દ્ર ત્રિવેદી જેવા દિગ્ગજ અભિનેતાનો હરાવીનો વિધાનસભામાં પ્રવેશ્યા હતા) જેઓ પોતે મેડિકલ ક્ષેત્રનાં અનુસ્નાતક છે. એમને એરલિફ્ટ કરીને 'એકમો' ટ્રીટમેન્ટ માટે ચેન્નઈ પહોંચાડવા પડ્યા છે. ત્રીજી લહેર સ્વર કોકિલા ભારતરત્ન લતા મંગેશકરનો ભોગ લીધો છે. આમ છતાં, જાહેર જનતાને હવે કોરોનાનો ખોફ નથી રહ્યો અથવા કહો કે ખુદ ડૉકટરો એને સામાન્ય ફલુ ગણાવી રહ્યા હોઈ એક મસમોટો સધિયારો સાંપડ્યો છે. અમેરિકાનાં ઘણાં રાજયો 'માસ મુક્તિ' ઊજવી રહ્યા છે તો

**તંત્રીસ્થાનેથી...**

આપણી પ્રજા તો માસ્ક પહેરતી હતી એ પણ પોલીસની ધાકમાં જ; એ પણ નાક નીચે ! પોલીસ માટે માસ્ક મોટી કમાણીનું માધ્યમ બની ગયેલો એ પણ માનનીય મુખ્યમંત્રીના ધ્યાન પર મુકાયું જ હશે ! હવે ફક્ત જૂનાં અને જાણીતાં મહાનગરો પૂરતો જ નાઈટ કર્ફ્યૂ અમલમાં રહે છે. બીજી ઘણી બધી છૂટછાટો સાથે દબાયેલી જબાનમાં હજી કોરોના પ્રોટોકોલ પાળવાના આદેશો પણ અપાય છે. પરંતુ પ્રજાને તો મસ્તીથી ખુલ્લા મોઢે લગ્નની મોસમ માણવી છે. કથાકારોને કથા કહેવી છે. ફંકશન રસિયાઓને સભારંજન કરવા માટે મોટું ઓડિયંસ ખપે છે. મોઢાં બંધી બાંધીને તે વળી કયુ લગી જીવવું! લોકો સરકારી આદેશોનું સરિયામ ઉલ્લંઘન કરતા રહ્યા છે એ સરકાર પણ જાણે છે. આખરે કુદરત પર રીઝી હોય એમ લાગે છે. ફક્ત વિશ્વ આરોગ્ય સંસ્થા કોરોનાની બીક બતાવતી રહે છે. નેતાઓ તો ચૂંટણી રસિયા હોય. કોરોનાના બાપને પણ ઘોળીને પી જાય એનું નામ નેતા. આપણા દેશમાં એવા નેતાઓનો રાફડો ફાટેલો છે. જો કે પ્રોટોકોલ મુજબ મતદાન કરવા માગતા નાગરિકો માટે માસ્ક ફરજિયાત છે! ખરું રહસ્ય તો એ છે કે બે ડોઝ લીધા પછી કોરોનાએ શસ્ત્રો મ્યાન કરી દીધાં છે. લોકોમાં હર્ડ ઈમ્યુનિટી - સામુદાયિક પ્રતિકારશક્તિ વસંતની સાથોસાથ પૂરબહાર ખીલી છે. ઊજવો માસમુક્તિનો મહિમા કરો ! પરાધીન સપનેહુ સુખ નાહિં !

# દાંતના પેઢાનો મહાવ્યાધિ : પાયોરિયા

આપણા પેઢા એ દાંત અને જડબાના હાડકાને પરસ્પર જોડી રાખવાનું કામ કરે છે. સામાન્ય સ્વસ્થ અવસ્થામાં તે ઓછા કે ઘાટા ગુલાબી રંગનાં નરમ હોય છે.

પાયોરિયા કે જેને પેઢાનું ઈન્ફેકશન પણ કહે છે, એ શ્રૃંખલાબદ્ધ રીતે થતું પેઢાની ઈન્ફેકશનની અવસ્થાઓ છે. શરુઆતનાં તબક્કામાં તેને જીન્જાવાઈટીસ કહે છે, જે આગળ જતાં પેઢા સૂજેલા, લાલ રંગનાં અને તેમાંથી લોહી નીકળવાની પ્રક્રિયા શરૂ થાય છે. જે આગળ જતાં પેરિયોડોન્ટાઈટીસ કે પાયોરિયા કહેવાય છે, જેમાં પેઢા દાંતથી દૂર થવા લાગે છે, જડબાનાં હાડકાંમાં ઘસારો થવાનો શરૂ થાય છે અને જે આગળ જતાં દાંતને ઢીલાં પાડવા કે દાંત પડી જવામાં પરિણમે છે. તેનાથી મોઢામાંથી દુર્ગંધ આવવાની પણ સમસ્યા ઉદ્ભવી શકે છે.

પાયોરિયા એ સામાન્ય રીતે બેકટેરિયલ ઈન્ફેકશનનાં લીધે થાય છે. આ ઈન્ફેકશનમાં અન્ય પરિબળો જેવા કે ધૂમ્રપાન, ટાઈપ-૨ ડાયાબિટીસ, વારસાગત કારણો, કેટલીક દવાઓ, એચ.આઈ.વી. વાઈરસ જેવા વૃદ્ધિ કરી શકે છે. સામાન્ય રીતે પુરુષોમાં પાયોરિયા થવાની સમસ્યા મહિલાઓ કરતાં વધુ પ્રમાણમાં જોવા મળે છે.

પાયોરિયાનાં નિહાન માટે સૌએ અવશ્ય રીતે ડેન્ટિસ્ટની મુલાકાત લેવી જોઈએ. ડેન્ટિસ્ટ ક્લિનિકલ અને એક્સ-રેની મદદ વડે તેનું નિદાન કરી શકે છે.

તેની સૌથી સરળ સારવાર એ દાંતનું સ્કેલિંગ અને પોલિશિંગ એટલે કે દાંતની સફાઈ છે. દાંતની સફાઈ વર્ષે એકવાર કરાવવી આવશ્યક છે. જો તે નિયમિત રીતે કરાવવામાં ન આવે તો દાંતની ઉપર જમા થતી પાતળી પરત કે જેને 'પ્લાક' કહે છે જે પાયોરિયાનું પ્રારંભિક લક્ષણ છે. એ ધીમે ધીમે જટિલ એવી જાડી છારીમાં બદલાઈ શકે છે. આ દાંતની આજુબાજુ જમા થતી છારી જે ધીમે ધીમે પેઢાને નબળા પાડે છે અને પેઢામાંથી લોહી નીકળવાની સમસ્યા નોંતરી શકે છે. જેના કારણે મોંઢામાંથી દુર્ગંધ અને અગાઉ વર્ણવેલી સમસ્યાઓ પણ થઈ શકે છે.

● પાયોરિયાની ઘાતક સમસ્યાઓ

પેઢા ઉતરવાના કારણે, દાંત હલી જવા કે પડી જવાની શક્યતાઓ તો રહેલી છે જ; પરંતુ સાથોસાથ હાડકાનો ભાગ સપાટ કે પાતળો થઈ જવાના લીધે આગળ જતા ઈમ્પ્લાન્ટ કે ફીક્સબ્રીજ કે ચોકઠા બનાવવાની પ્રક્રિયા પણ અઘરી થઈ જતી હોય છે.




પાયોરિયાની ઘાતક અસર હૃદય પર પણ પડી શકે છે. આ બેકટેરિયલ ઈન્ફેકશન આગળ જતા સબ એક્યુટ બેકટેરિયલ એન્ડોકાર્ડાઈટિસ (SABE) પણ નોતરી શકે છે; કે જે ઘાતક પુરવાર થઈ શકે છે. તેથી રોગને શરુઆતનાં તબક્કે જ રોકવો જરૂરી છે. એટલે શરૂઆતનાં તબક્કે જ રોકવો જરૂરી છે. એટલે શરુઆતનાં સમયમાં જ ડેન્ટિસ્ટ ને બતાવવું સલાહભર્યું છે.

● પેઢાના રોગો અને બાળકો

બાળકોમાં પણ ઘણી વાર વિટામીન-સીની ઉણપનાં લીધે પેઢાનાં ઈન્ફેકશન જોવા મળે છે.

ઘણી વાર ગંભીર ઈન્ફેકશન કે જેને જુવેનાઈલ પેરિયોડોન્ટાઈટીસની પણ શક્યતાઓ વધી જાય છે.

● પાયોરિયાની સારવાર

પાયોરિયાનું નિદાન કર્યા બાદ ડેન્ટિસ્ટ ફલેપ સર્જરીની સલાહ આપતા હોય છે. આ એક સર્જિકલ પ્રક્રિયા છે. જેમાં પેઢા ખોલીને દાંતના મૂળિયા તથા ઊંડી જગ્યાઓમાં જામેલી જટિલ છારી ને સાફ કરવામાં આવે છે, તેમાં જો આવશ્યકત જણાય તો હાડકું બનાવવા માટે કૃત્રિમ બોન ગ્રાફ્ટ પણ મૂકવામાં આવે છે. દર્દીને એન્ટિબાયોટિક દવાઓ, એન્ટિ બેકટેરિયલ, માઉથવોશનાં વપરાશની સલાહ પણ આપવામાં આવે છે. આ સિવાય વિટામીન-સીની દવા પણ આપવામાં આવે છે, કે જે પેઢાની મજબૂતી માટે ફાયદાકારક છે. આ સિવાય પણ પોષણક્ષમ આહાર તથા મોસંબી, નારંગી જેવા ફળો પણ ઉપયોગી સાબિત થઈ શકે છે.

● દેશી ઉપચાર

૧ વાટકી ખાદ્ય તેલમાં ૫ લવિંગ લઈને તેને ઉકાળીને, આખી રાત રાખીને, તેને સવારે ગાળીને ડબ્બી બનાવવી ; નિયમિત મસાજથી પેઢાની મજબૂતી રહે છે.

(નોંધ એકલુ લવીંગનું તેલ ગરમ પડી શકે, ચાંદા પડવાની પણ શક્યતા રહે છે; તેથી ખાદ્યતેલ વાપરવું સલાહભર્યું છે.) હવે આ પ્રકારના પેઢાના મસાજ માર્કેટમાં તૈયાર ધોરણે પણ ઉપલબ્ધ રહે છે.

તો મિત્રો જેમ, 'રોગ અને શત્રુને ઉગતા જ ડામવા સારા' તેવી જ રીતે પાયોરિયા ને અટકાવવા માટે નિયમિત રીતે દાંતની સફાઈ, ફલોસનો ઉપયોગ, પેઢાના સ્વાસ્થ્ય માટે ગમ મસાજ, માઉથવૉશ તથા દર ૬ મહિને નિયમિત ડેન્ટિસ્ટની મુલાકાત અને વર્ષે એકવાર દાંતની સફાઈ અત્યંત આવશ્યક છે.

# Team Shraddhadeep

### દિન મહિમા

- ૧૯૩૮માં આજના દિવસે જાણીતા ગુજરાતી સાહિત્યકાર હસુ યાજ્ઞિકનો જન્મ થયો હતો. ગુજરાત સાહિત્ય અકાદમીના મહાપાત્ર રહી ચૂકેલા આ સર્જકને સકાયલાર્ક લંડન તરફથી પ્રતિષ્ઠિત ફેલોશીપ મળી હતી. ગુજરાતી લોક સાહિત્ય સંસોધનમાં પણ એમનું મહત્ત્વનું પ્રદાન છે.
- રાષ્ટ્રીય ઉત્પાદકતા દિવસ : ભારતમાં ઉત્પાદકતાની સંસ્કૃતિ વધારવા માટે દર વર્ષે ૧૨ ફેબ્રુઆરીએ ઊજવવામાં આવે છે. તે રાષ્ટ્રીય ઉત્પાદકતા પરિષદ દ્વારા એક થીમ સાથે ઉજવવામાં આવે છે.

આજનું

### ઔષધ

- ધોળી - સફેદ ધરોના રસમાં ચોખા લસોટી વાટી તેનો લેપ કરવાથી જૂનું નવું ખરજવું મટી જાય છે.

### ખડખડાટ

- ગણિતથી પરેશાન એક વિદ્યાર્થી ટીચરને પૂછવા ગયો. ટીચર જો શૂન્યની શોધ આર્યભટ્ટે કરી હતી. અને આર્યભટ્ટનો જન્મ કળિયુગમાં થયો હતો. તો એની પહેલાં ૧૦૦ કૌરવે અને રાવણનાં ૧૦ મસ્તક હતા. એ કોણે ગણ્યા હતા ? ટીચર આજે પણ જવાબ શોધે છે?

આજનો

### વોટ્સએપ

- સારો સમય એનો જ આવે છે જે કોઈનું ખરાબ નથી ઈચ્છતો.

# બા. જ. પટેલ : એમનું મરણ નહિ, સ્મરણ હોય

ગુજરાત પોતાના સાહસિક તથા સફળ ઉદ્યોગપતિઓ વિષે ગૌરવનો અનુભવ કરે તો તે અસ્થાને નથી. અંબાલાલ સારાભાઈ જેવા ઉદાર દ્રષ્ટિબિંદુવાળા ઉદ્યોગપતિએ મહાત્મા ગાંધી જેવા વિશ્વપુરુષને વણમાગી સહાય પુરી પડી હતી. મજુર કારીગરોનું હિત જોઈને લડતા પોતાના બહેન અનસૂયાબહેન તરફ કોઈ કડવાશનો ભાવ તેમના મનમાં કદી આવ્યો ન હતો. શિક્ષણના ખેરખાં ગણી શકાય તેવા ડો. પી. સી. વૈદ્ય, ડોલરરાય માંકડ કે દિલાવરસિંહજી જાડેજા એવા અનેક શિક્ષણશાસ્ત્રીઓએ ગુજરાતના શિક્ષણ કાર્યને અનોખું ગૌરવ પ્રદાન કરેલું છે. કવિ દલપતરામથી શરૂ કરી છેક નિરંજન ભગત સુધીના યશનામી કવિઓએ માત્ર રાજ્યના જ નહિ પરંતુ દેશના સાહિત્યમાં પોતાનું નોંધપાત્ર યોગદાન આપેલું છે. સામાજિક સેવાના ક્ષેત્રમાં રવિશંકર મહારાજથી નારાયણ દેસાઈ જેવા સમર્પિત લોકોએ માર્ગદર્શક બની રહે તેવું કાર્ય કરેલું છે. આ બધા ક્ષેત્રો સાથે રાજકીય બાબતોમાં પણ ગુજરાતે દેશને તથા રાજ્યને દોરવણી આપી શકે તેવા આગેવાનોની ભેટ સમાજને ચરણે ધરી છે. આવા અગ્રણીઓમાં સરદાર સાહેબ પછી મોરારજી દેસાઈ તથા ડો. જીવરાજ મહેતા સાથે જ બાબુભાઈ જશભાઈ પટેલનું નામ નજર સમક્ષ તરત જ આવે છે. બાજ પટેલના નામથી વ્યાપક લોકપ્રિયતા તથા લોકસ્વીકૃતિ ધરાવતા બાબુભાઈનો જન્મ તા. ૦૯.૦૨.૧૯૧૧ ના રોજ થયો હતો. આથી ફેબ્રુઆરી માસમાં આ શીલવાન તથા સાધુ રચિત મોવડીનું વિશેષ સ્મરણ થવું તે સ્વાભાવિક છે. ભલે તેઓ આજે આપણી વચ્ચે ન હોય પરંતુ તેઓની વિસ્મૃતિ થવી મુશ્કેલ છે. ચુનીભાઈ વૈદ્ય કહે છે તેમ બા. જ. જેવા શીલવાન વ્યક્તિઓનું મરણ ન હોય, તેમનું સદા સ્મરણ જ હોય.

ગુજરાત વિધાનસભાના ગૌરવશાળી અધ્યક્ષો પૈકીના એક કચ્છના કુંદનલાલ ધોળકિયા બા. જ. માટે લખે છે કે સામાન્ય રીતે ગંભીર લાગતા બાબુભાઈ વિનોદી હતા. જો કે તેઓના સ્વભાવનું આ સ્વરૂપ બહુ જાણીતું નથી. તેઓ કોઈની મિમિક્રિ પણ કરતા અને પેટભરીને સૌને હસાવતા રહેતા હતા. કુન્દનભાઈ લખે છે કે ગાંધીનગરના તેમના નિવાસસ્થાને તેમણે મુખ્યમંત્રી બાબુભાઈને તથા તેમના કેટલાક મંત્રીઓને જમવા માટે બોલાવ્યા હતા. જમ્યા પછી થોડીવારે સૌ જવા માટે નીકળવા લાગ્યા ત્યારે કુન્દનભાઈએ સૌને થોડીવાર માટે થોભી જવા માટે કહ્યું. કારણ એવું હતું કે કેટલાક ડ્રાઈવરો હજુ જમતા હતા. ઉતાવળ થાય તો ડ્રાઈવરો શાંતિથી ભોજન ન કરી શકે તેવી ધાસ્તી કુન્દનભાઈને હતી. પરંતુ જયારે બીજા બધા કુન્દનલાલના કહેવાથી થોભ્યા ત્યારે બાબુભાઈ જવા લાગ્યા. કુન્દનભાઈ સમક્ષ સ્પષ્ટતા કરતા તેઓ જણાવે છે કે ડ્રાઈવરે જમી લીધું છે. કુન્દનભાઈને બાબુભાઈની આવી ઉતાવળ સહજ ન લાગી એટલે બાબુભાઈએ હસતા ચહેરે સ્પષ્ટતા કરી કે તેઓ જાતે જ ગાડી ચલાવીને આવ્યા છે અને તેથી 'ડ્રાઈવરે જમી લીધું છે.' સૌ આ હળવા વિનોદથી હસી પડ્યા. વર્તનમાં સામાન્ય માણસ જેવી તથા જેટલી જ સહજતા પરંતુ કામમાં નિષ્ઠા અને ઉચ્ચ બુદ્ધિમત્તા એ બા. જ. ના જન્મથી જ પ્રાપ્ત કવચ-કુંડળ સમાન હતા. તેમના જીવનમાં સહેજ પણ બાહ્ય આડંબર કે કૃત્રિમ વર્તન જોવા પણ મળતા ન હતા. બાબુભાઈને 'ગુજરાતના લાલબહાદુર શાસ્ત્રી' તરીકે કુન્દભાઈ ધોળકિયા ઓળખવે છે. તે યથાર્થ છે. દરેક બાબતમાં પ્રજાભિમુખ નિર્ણય એ બા.જ. ના તમામ નિર્ણયોમાં કેન્દ્રસ્થાને રહેલો અભિગમ છે. સાડા છ દાયકાનું તેમનું જાહેરજીવન નિષ્કલંક તથા અર્થસભર રહ્યું. માત્ર અઢાર વર્ષની વયે તેમનું લગ્ન લીલાબહેન સાથે થયું. લીલાબહેને ૧૯૭૩માં ચિરવિદાય લીધી. સાડા ચાર દાયકાના આ મધુર દામ્પત્ય જીવનમાં લીલાબહેન પૂર્ણતઃ બાબુભાઈને અનુકૂળ થઈને રહ્યા. અભાવ કે અગવડની કોઈ ફરિયાદ તેમણે કદી કરી નહિ.




બા. જ. તથા સરદાર પટેલનું મિલન એ પણ એક યોગાનુયોગ બનેલી ઘટના છે. આમ તો બંને એક જ વિસ્તારના પરંતુ તેમનું પ્રથમ મિલાન સ્થાન એ મુંબઈ રહ્યું. મુંબઈમાં ભુલાભાઈ દેસાઈના બંગલે ભૂલાભાઈએ બાબુભાઈની ઓળખાણ સરદાર પટેલ સાથે કરાવી. માણસને પારખી લેવાની સરદારની શક્તિને કારણે તેમને જાહેર જીવનમાં બાબુભાઈની ઉપયોગીતા જણાઈ આવી. ૧૯૩૭ની બ્રિટિશ સત્તાની દેખરેખ હેઠળ થયેલી ધારાસભાની ચૂંટણીમાં નડિયાદની બેઠક માટે બધાના આશ્ચર્ય વચ્ચે સરદાર પટેલે બાબુભાઈને પસંદ કર્યા. માત્ર ૨૬ વર્ષની વયે બાબુભાઈએ મુંબઈ ધારાસભામાં ગૌરવભેર પ્રવેશ કર્યો. બાબુભાઈ તેમની અભ્યાસુ વૃત્તિ માટે જાણીતા હતા. આથી તે સમયના મુંબઈના પંતપ્રધાન કહેવાતા. બાળા સાહેબ ખરેના વિશ્વાસુ સાથી બની રહ્યા. યુવાન વયમાં જ તેઓ મુખમંત્રીના સંસદીય સચિવ બન્યા. મુંબઈની આ ઐતિહાસિક ધારાસભામાં ડો. બાબાસાહેબ તેમજ લીલાવતી મુન્શી જેવા સુવિખ્યાત ધુરંધરો હતા. ૧૯૩૯માં બીજું વિશ્વયુદ્ધ શરુ થતા જ બ્રિટિશ સરકારની યુદ્ધનીતિના વિરોધમાં બધી જ પ્રાંતીય સરકારોએ રાજીનામાં આપી દીધા.

ગુજરાતના નવા પાટનગર તરીકે ગાંધીનગરની પસંદગી થઈ ત્યારે ગાંધીનગર ખરા અર્થમાં ધૂળની ડમરીઓથી છલકતું 'આંધીનગર' હતું. આજે જયારે નાનો એવો પ્લોટ પણ ઊંચી કિંમતે જોતા ગાંધીનગરમાં કોઈ મધ્યમ વર્ગની વ્યક્તિ ખરીદી ન શકે તેવા નગરમાં કોઈ રહેવા જવા કે સ્થાયી થવા તૈયાર ન હતા. આવા પડકારરૂપ સમયે બાંધકામ તથા પાટનગર યોજનાની જવાબદારી સંભળાતા બાબુભાઈએ જાતે રસ લઈને આ શહેરનો સર્વાંગી વિકાસ કર્યો. ગાંધીનગરને વસાવનારાઓ એવા પાયાના પથ્થરોમાં હિતેન્દ્ર દેસાઈ ઉપરાંત બા. જ. પટેલ હતા. અનેક દીર્ઘદ્રષ્ટિવાળા અધિકારીઓએ પણ પાટનગરના વિકાસમાં મહત્વનું યોગદાન આપ્યું છે. સરદાર સાહેબની મક્કમતા, ભાઈકાકાનું આયોજન તથા રવિશંકર મહારાજની સઁવેદનશીલતાના ઉમદા ગુણોનું મિશ્રણ બાબુભાઈમાં હતું.

સમાજ માટે આદર્શરુપ ગણાય તેવું જીવન બા. જ. જીવીને ગયા. જાહેર જીવનને પ્રાણવાન, કાર્યક્ષમ તથા ભભકા રહિત બનાવવા માટે તેમાં પ્રયાસો ગાંધીજીની નીતિને અનુરૂપ રહ્યા. ત્યાગીને ભોગવી જવાનો માર્ગ બાબુભાઈએ અપનાવ્યો અને એક યશનામી જીવન જીવીને વિદાય થયા.

# મહીસાગરનું મૂલ્યવાન મોતી... માનગઢ

તમારે જો રમણીય ટેકરીઓનાં દર્શન કરવાં હોય તો માનગઢ હિલ્સ જેવું સ્થળ આખા ગુજરાતમાં નહીં મળે..પ્રવાસનની એક નવી ઓળખ એટલે માનગઢ..મનમોહક મહીસાગર જિલ્લો એના લખલૂંટ કુદરતી સૌંદર્ય માટે જાણીતો છે.એમાં પણ સંતરામપુર તાલુકાનો વૈભવ તો જાણે એની પરાકાષ્ઠા ગણાય..એનાથી આગળ રાજસ્થાનની ડુંગરપુર બોર્ડર તરફ ૨૫ કિલોમીટરનો પ્રવાસ કરો એટલે તમને નયનરમ્ય ટેકરીઓની બેમિસાલ હારમાળા જોવા મળે.એ છે માનગઢ હિલ્સ..એક તરફ રાજસ્થાન તરફ વિસ્તરતી કમનીય ટેકરીઓ જાણે ખુલ્લી ધરતી ઉપર નૃત્ય કરતી હોય એવી લાગે.તો બીજીતરફ સંતરામપુરના સીમાડાઓ તરફ સોહામણી ચાલે સરકી જતી ગિરિમાળા..

માનગઢ ચોમાસાના સમયે પૂરબહારમાં ખીલી ઉઠે.આસપાસ ફેલાઈ જતી વનરાજી..જંગલની આછેરી ઝલક અને એ બધા વચ્ચે આકાર લઈ રહેલી પ્રવાસન સુવિધાઓ..આ સમગ્ર વિસ્તારને પ્રવાસીઓ માટે આકર્ષણનું કેન્દ્ર બનાવે છે..માનગઢની સાચી ઓળખ એના સૌંદર્યમાં છે પણ એની ખુમારી એના શહાદતના ભવ્ય ઈતિહાસમાં છે..અહીં વસતા આદિવાસી લોકો એકદમ પ્રગતિશીલ અને સુધારાવાદી માનસ ધરાવતા વ્યસનમુકત લોકો છે.એની પાછળ એક સંતના આશીર્વાદ અને પુરુષાર્થની ભવ્ય કથા છે.

આ રમણીય સ્થળમાં એક ધૂણી ધખી રહી છે. એની જયોતમાંથી દિવ્ય પ્રકાશ આજે પણ રેલાઈ રહયો છે.એક સમયે એ પ્રકાશ આ દુર્ગમ વિસ્તારમાં વસતા આદિવાસીઓ માટે આશાનું કિરણ બની ગયો હતો.એના પ્રણેતા હતા ગોવિંદગુરૂ નામના સમાજ સુધારક.માનગઢને માણવું હોય તો એની પહાડીઓની આરપાર ફરવું પડે.પરંતુ એને જાણવું હોય તો ગોવિંદગુરૂના જીવનથી માહિતગાર થવું પડે. કોણ હતા એ મહામાનવ ? એમનો જન્મ રાજસ્થાનના ડુંગરપુર જિલ્લામાં વાંસિયા વેડછા ગામમાં માગશર સુદ પૂનમ તારીખ ૨૦-૧૨-૧૮૫૮ના રોજ થયો હતો..શિવભકત એવા વણઝારા પરિવારમાં એમને નાનપણથી જ ઉચ્ચ ધાર્મિક સંસ્કારો મળ્યા હતા.કબીર સાહેબનો પ્રભાવ એમના ઉપર ગાઢ હતો.એમણે આદિવાસી સમાજના ઉત્કર્ષ માટે આજીવન કામ કર્યું..અને એ આદિવાસી સમાજના કુલગુરૂ સાબિત થયા. એમણે આદિવાસી સમાજને એક કર્યો..એક ઈશ્વરની પરિકલ્પના આપી.. દારૂ ,જુગાર.,વ્યસન અને લૂંટફાટના રસ્તેથી વાળી ઉચ્ચ જીવનમાર્ગ તરફ પ્રેરિત કર્યા..માનગઢ એમની કર્મભૂમિ બન્યું..નટવા ગામમાં એમનો નિવાસ હતો..માગશર માસની પૂનમે અહીં સ્વયંભૂ આદિવાસીઓ મેળો ભરાય છે..જેમાં ગોવિંદગુરૂની ભવ્ય ગાથા ગવાય છે.

ગોવિંદગુરૂ દયાનંદ સરસ્વતીને પણ મળેલા.બંનેના વિચારો સમાન હતા.ઈશ્વર માટેની આરાધના અને સામાજિક સુધારણાના એમના રસ્તા સમાન હતા..એમણે ગાંધીજી સાથે પણ સંવાદ કરેલો..દેશ માટે આદિવાસી સમાજ માટે એમણે આજીવન ભેખ ધારણ કરેલો..તેઓ છેલ્લે ઠકકરબાપાની સેવાથી પણ પણ પ્રભાવિત થયેલા અને વનવાસીઓના ઉધ્ધાર માટે છેલ્લા શ્વાસ સુધી ઝઝૂમતા રહેલા..એમના જીવનપ્રસંગો દેશ અને સંસ્કૃતિના ઉત્થાન માટે પ્રેરક દિવડા સમાન છે.

ગોવિંદગુરૂની મહાનતા માટે આટલુંજ પર્યાપ્ત નથી.એક વિશાળ વટવૃક્ષ જેવું એમનું જીવન હતું.એમના જીવનનું શ્રેષ્ઠ પ્રદાન કયું ? એ જાણવા માટે આપણે યાદ કરવો પડે "માનગઢ આદિવાસી બલિદાન દિવસ..૧૭ નવેમ્બર ૧૯૧૩ માગશર પૂર્ણિમા વિક્રમ સંવત ૧૮૬૯.એ દિવસે અહીં જલિયાંવાલા બાગ જેવો હત્યાકાંડ થયો હતો..જેમાં જુલ્મી અંગ્રેજ શાસન સામે ૧૫૦૭ જેટલા આદિવાસીઓ માતૃભૂમિની શાન માટે શહીદ થયા હતા.જેને નેતૃત્વ આપનાર હતા ગોવિંદગુરૂ.

જેમના નામે ગોધરામાં શ્રી ગોવિંદગુરુ યુનિવર્સિટીની સ્થાપના કરવામાં આવી છે તે શ્રી ગોવિંદગુરુ એ આદિવાસી લોકોની દારુણ સ્થિતિ જોઈ તેઓને બહાર લાવવા માનગઢ પહાડી ઉપર ધૂણી ધખાવી હતી.અને એમણે આ સમાજને અંધશ્રદ્ધા કુરિવાજો મુકત કરી પ્રગતિના પંથે લઈ જવાનો પુરૂષાર્થ આદર્યો હતો.આદિવાસીઓમાં ધાર્મિક- સામાજિક જાગૃતિ અને સુધારા આંદોલન માટેની ચળવળનું કેન્દ્ર આ માનગઢ હતું.

૧૭ નવેમ્બર ૧૮૧૩ ના દિવસે ગોવિંદગુરુ અને એમની સંપસભાના લોકોએ માનગઢ પહાડી ઉપર ધૂણી ધખાવીને ભજનો નું આયોજન કર્યું હતું. લોકોમાં ગોવિંદગુરુ પ્રત્યે જબરજસ્ત આસ્થા અને આકર્ષણ ઉભું થયું હતું. લોકોએ જ્યારે જાણ્યું કે ગુરુ અમારા માટે, સમાજના માટે આટલું બધું કરે છે ત્યારે અમુક દેશી રાજયો અને અંગ્રેજોના શોષણ અને અત્યાચાર માંથી મુક્તિ અને સ્વતંત્રતા, સ્વરાજ્ય ઝંખતા લોકો સ્ત્રીઓ અને પુરુષો તીર-કામઠાં, ગોફણો, તલવાર- ભાલા, ધારિયા જેવાં પરંપરાગત શસ્ત્રો સાથે ગામેગામથી ઉમટી પડ્યા. એકાદ દિવસમાં માનગઢ ઉપર માનવ મહેરામણ ઉમટી પડ્યુ અને સર્જાયો એ ગોઝારો હત્યાકાંડ. ગોવિંદગુરુએ ભજનો અને ભક્તિની અહાલેક જગાવી હતી.લોકોને શાંત પાડીને પાછા જવા સમજાવ્યા પરંતુ લોકો હવે કંઈ પણ સહન કરવા માંગતા નહોતા અને વિશ્વ ની સૌથી શક્તિશાળી સત્તા સાથે બાથ ભીડવા તૈયાર થઈ ગયા હતા. અંગ્રેજો અને દેશી રાજયોની ફોજોએ ૧૫૦૭ જેટલા નિર્દોષ આદિવાસી સ્ત્રી-પુરુષો ને બંદુકો, મશીનગનો અને તોપો દ્વારા આડેધડ ગોળીબારી કરીને મોતને ઘાટ ઉતારી દીધાં હતાં. આદિવાસી હત્યાકાંડની આ ગોઝારી ઘટના ૧૯૧૯ માં અમૃતસરમાં થયેલા જલિયાંવાલા હત્યાકાંડની ઘટના (૭૦૦ ની હત્યા) કરતાં પણ વધુ ભયંકર અને નિર્લજ્જ હતી.દેશભકત એ શહીદોની યાદ માનગઢની ટેકરીઓમાં આજેપણ ગૂંજે છે.




સામાજિક સ્વતંત્રતા માટે આજીવન ભેખધારી ગોવિંદગુરુએ પોતાના હદયના ભાવો એક ગીતમાં વ્યકત કર્યા છે..આજેપણ એ એમના ચાહકોમાં ગવાય છે.એ શૌર્યગીત લાંબું છે પણ એની એક ઝલક..

વાગડમાં મારો જન્મ હે
માળવામાં મારો ફેરો હે
ભૂરાંટિયાં નહીં માનું રે..
માનગઢમાં મારી ધૂણી હે
નટવામાં મારી ભકિત હે
ભૂરાંટિયાં નહીં માનું રે...

આ શૌર્યગીત મેઘાણીની યાદ અપાવે એવું છે.એમાં ભીલી બોલીની ભીનાશ છે.અહીં ભૂરાંટિયાં એટલે કે જૂલ્મી અંગ્રેજોને પડકાર છે.લોકોને આહવાન છે.મા ભોમ માટેનો પ્રેમ છે.એમને અંગ્રેજ સરકાર દ્વારા કેદી બનાવાયા હતા..આંદામાન નિકોબાર સુધીની કાળાપાણીની સજા એમણે ભોગવી હતી..છેવટે સરકારે એમની મહાનતાને પિછાણી હતી..ફાંસીની સજામાંથી મુકિત પામી એ વિજયી થયા હતા.આદિવાસી સમાજના આ જયોતિર્ધરે અંતિમ શ્વાસ તારીખઃ૩૦-૨૦-૧૯૩૧ના રોજ ઝાલોદ તાલુકાના કંબોઈ ગામે લીધા..છેલ્લા વરસોમાં એ ઠકકરબાપાની સાથે ભીલસેવામંડળમાં કામ કરતા હતા..

માનગઢ એ ભવ્ય દેશપ્રેમ, ઉત્તમ માનવસેવા અને ભકિતયોગના ભવ્ય વારસા સાથે પ્રવાસીઓ માટે પણ અદભૂત આકર્ષણો ધરાવતું એક મનભાવન તીર્થસ્થળ છે..મહીસાગરના મોતી જેવું આ સ્થળ ગુજરાતની ભવ્ય ગાથાનું એક ઓછું જાણીતું પણ જાજરમાન પ્રકરણ છે.